ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



કેવડા ત્રીજનું પૂજન - ભારતીય સંસ્કૃતિમાં પતિના આયુષ્ય માટે પત્ની કેવડો સુંઘીને સમગ્ર દિવસ ઉપવાસ કરી અને પૂજન - અર્ચન કરે છે... કેવડા ત્રીજનું વ્રત ગાંધીનગરમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક કર્યું હતું... બપોરે પંચદેવ મંદિર સહિત અનેક ધાર્મિક સ્થાનો પર મંત્રોચ્ચાર સાથે મહિલાઓએ પૂજન - અર્ચન કરી પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી.... કેવડા ત્રીજના વ્રતમાં ઉપવાસ ઉપરાંત રાત્રી જાગરણ પણ પરણીતાઓ કરે છે... ભારતીય સમાજમાં વ્રત અને જપ દ્વારા મહિલાઓ સંસ્કાર વારસો જાળવે છે...

# મનપા હવે રૂ. ૧.૮૧ કરોડથી વધુના ખર્ચે રિચાર્જ વેલ બનાવશે

**મનપાની સ્થાયી સમિતિમાં લેવાયેલા મહત્વના નિર્ણયો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની પેયજળની માંગને પહોંચી વળવાની કામગીરી પૂરક બની રહે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રિ-કાષ્ટ મોડયુલર રિ-ચાર્જ વેલ બનાવશે.

ગાંધીનગર મનપાની આજે મળેલ સ્થાયી સમિતિએ આ અંગે કમિશનર તરફથી રજુ થયેલ દરખાસ્તને બહાલી આપી છે. મનપા દ્વારા આ કામગીરી માટે રૂ. ૧.૮૧ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે. આજે મળેલ બેઠકમાં સે-૭, ૨૪ અને ૨૭ના બગીચાઓની કમ્પાઉન્ડ વોલ ઉપર ગ્રીલ લગાવવાનું કામ તથા સે-૨ના શોપીંગ સેન્ટરની આજુબાજુ પેવરબ્લોક, સી.સી. શેડ તથા ઈન્દ્રોડા ગામમાં મુખ્ય રસ્તાથી ઈન્દ્રાણી માતાના મંદિર સુધીના આર.સી.સી. રોડનું સંયુકત રીતે કામ રૂ. ૬૨,૧૮,૨૭૭ના ખર્ચે કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. સરિતા ઉદ્યાન ખાતે દુકાન નં.૧ ભાડા પટ્ટેથી આપવા માટે ઓફ સાઈન ટેન્ડરની પ્રક્રિયામાં મંજૂર થયેલ એચ-૧ એજન્સીને ભાડા પટ્ટે આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઓગષ્ટ માસમાં યોજાયેલ સ્થાયી સમિતિની બેઠકમાં આર.ઓ. પ્લાન્ટ અને વૉટર કુલર ખરીદવાનો નિર્ણય મોકુફ રાખી નવેસરથી રિટેન્ડરીંગ પ્રક્રિયા પછી આર.ઓ. પ્લાન્ટ મોંઘા રહ્યા છે પણ વોટરકુલરના ભાવમાં ઘટાડો થઈ આવતાં તે ખરીદવાનો નિર્ણય પણ આજની આ બેઠકમાં લેવામાં આવ્યો હતો.



લાલ દંડાવાળો સંઘ - અંબાજી પદયાત્રાના ઈતિહાસમાં લાલ દંડાવાળા સંઘનો મહિમા મોટો છે... ભાદરવા સુદ એકમે સાંજે પૂજન - અર્ચન બાદ સંઘ પ્રસ્થાન કરે છે... સંઘની વિશેષતા એ છે કે, પ્રત્યેક પદયાત્રી સમગ્ર યાત્રા દરમિયાન પિતાંબર ધારણ કરે છે અને દરેક યાત્રીના સાથે માતાજીને ચડાવવા માટેની ધજા રખાય છે... અંબાજી શક્તિપીઠ ખાતે સૌથી પહેલી ધજા પણ લાલ દંડાવાળા સંઘની ચડે એવી પરંપરા છે... આ ઐતિહાસિક લાલ દંડાવાળો સંઘ ગાંધીનગરના પાદરેથી પસાર થયો હતો...

# ૨૪થી ૨૯ સપ્ટે. દરમ્યાન જિલ્લામાં પાણી સપ્તાહની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૪મીથી ૨૯મી સપ્ટેમ્બર દરમ્યાન પાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

જિલ્લામાં સિઝનનો ૫૦ ટકાથી પણ ઓછો વરસાદ નોંધાયો છે ત્યારે આ સપ્તાહની ઉજવણી તંત્ર માટે રાહતનો શ્વાસ લઈ આવેલ છે. મળતી વિગતો મુજબ આ સપ્તાહની ઉજવણી દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુરની પેટા ચૂંટણીમાં ૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા

ગાંધીનગર, તા. ૧૨

પેથાપુર નગરપાલિકાની એક બેઠક માટે યોજાનાર પેટા ચૂંટણી માટે ત્રણ ઉમેદવારો આજે ચકાસણીને અંતે મેદાનમાં રહ્યા છે.

૧૪મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી આ જંગ માટેનું ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે ચકાસણી દરમ્યાન ભાજપના ડમી ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. ભાજપ તરફથી આ જંગમાં વાઘેલા ફાલ્ગુનીબેન રમેશભાઈ ઉમેદવાર છે, તો કોંગ્રેસ તરફથી વાઘેલા હંસાબા કનુસિંહ અને અપક્ષ ઉમેદવાર વાઘેલા જોસનાબેન મેદાનમાં છે.

૨૫મી સપ્ટેમ્બરના રોજ આ ચૂંટણી યોજાશે. આ ચૂંટણીને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. આ પેટા ચૂંટણી માટે ૪ મતદાન મથકો બનાવવામાં આવશે. આ વોર્ડમાં ૨૯૦૦ જેટલા મતદારો નોંધાયેલા છે.

૧૫મી સપ્ટેમ્બરથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ થશે તેમ મનાઈ રહ્યુ છે.

# સેકટર-૧ થી ૩માં હેતુફેરના કિસ્સામાં હોસ્પિટલ અને કલાસીસ બંધ કરવા નોટીસ

**નવા સેકટરોમાં ધમધમતા કલાસીસ અને હોસ્પિટલ બે દિવસમાં બંધ નહીં કરવામાં આવે તો તંત્ર સીલ કરશે : સે-૨૪ માં પણ ૧૦ દુકાનોના દબાણો પર બુલડોઝર ફર્યુ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે સે-૨૪ માં આજે દબાણતંત્રની ટીમે શિવમ અને સત્યમ ફલેટમાં ધમધમતી ૧૦ જેટલી દુકાનોના દબાણો તોડ્યા હતા. જયારે સે- ૧ થી ૩ માં ધમધમતા કલાસીસ અને હોસ્પિટલોને પણ હેતુફેરના ઉપયોગ બદલ નોટીસ આપી બે દિવસમાં આ પ્રવૃતિ બંધ નહીં કરવામાં આવે તો સીલ કરી દેવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ. તંત્ર દ્વારા શાશ્વત હોસ્પિટલ સહીત હેતુફેરના ૪૦ કીસ્સામાં નોટીસ આપવામાં આવી હતી.

ગાંધીનગરમાં દબાણ હટાવ ઝુંબેશના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. નગરજનો અને વેપારીઓમાં ફફડાટ પ્રવર્તયો છે.જયારે તબીબી આલમમાં પણ હેતુફેરના મામલે ચિંતા પેઠી છે. અલબત્ત રહેણાંક વિસ્તારમાં ધમધમતી કોર્મશિયલ પ્રવૃતિઓને અટકાવવા માટે પણ તંત્ર દ્વારા કડક વલણ અપનાવાયુ છે. જેમાં અગાઉ નગરના સે-૭ માં લાંબા સમયથી ધમધમતા દવાખાનો બંધ કરી દેવા તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી.



જયારે આજે પણ દબાણતંત્રના અધિકારી મહેશ મોડ તેમજ જે ટી પી દેવીબેન પટેલની હાજરીમાં સે-૧ થી ૩ માં રહેણાંક વિસ્તારમાં ધમધમતા કલાસીસો અને હોસ્પિટલોને પણ હેતુફેર ઉપયોગ બદલ આ પ્રવૃતિ બંધ કરી દેવા નોટીસ આપવામાં આવી હતી. જયારે આગામી બે દિવસમાં જ આ પ્રવૃતિ બંધ નહીં કરવામાં આવે તો કોર્મશિયલ પ્રવૃતિ બદલ સ્થળ પર સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

તંત્ર દ્વારા આજે સે- ૧ થી ૩માં હેતુફેર ઉપયોગ બદલ ૪૦ કિસ્સામાં નોટીસ આપવામાં આવી છે. જેમાં ઘ- દોઢ પાસે સ્થિત શાશ્વત હોસ્પિટલ ને પણ રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરી દેવા સુચના આપવામાં આવી છે. સે-૨૪ માં સત્યમ અને શિવમ ફલેટમાં ધમધમતી ૧૦ જેટલી દુકાનોના દબાણો દુર કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દબાણતંત્રની કડક કામગીરીના લીધે રહીશો , વેપારીઓ અને તબીબી આલમમાં ફફડાટ વ્યાપ્યો છે.

# ભકિત અને ભાઈચારાની ભાવના સાથે આજે શ્રીજીની શોભાયાત્રા નિકળશે

**સે-૪ ડી માંથી શોભાયાત્રા નિકળી નગરના સેકટરોમાં આગળ વધતી સે-૨૨ રંગમંચ પહોંચશે : ગણેશજીની પુજા અર્ચના આરતી બાદ રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે**

ગાંધીનગર તા ૧૨

સાર્વજનિક ગણેશોત્સ સમિતિ દ્વારા સતત ૪૯ માં વર્ષે શહેરમાં ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે.જયારે આ અન્વયે આજે શહેરમાં સે-૪ ડી પ્લોટ નં - ૧૩૭૪ : ૧ ખાતે થી સવારે ૧૦ કલાકે શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શોભાયાત્રાના અંતે સે-૨૨ ના નવનર્મિત રંગમંચ ખાતે શ્રીજીની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા અને પુજા આરતી કરવામાં આવશે. જયારે રાત્રિના ૮ કલાકે આરતી બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

દુંદાળા દેવ ગણેશજીની ભક્તિ આરાધનાના પર્વ ગણેશોત્સવની ઉજવણી નગરમાં વિશિષ્ટ રીતે કરવામાં આવશે. સેકટરોમાં ઠેર ઠેર ગણેશોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગણેશોત્સવના પ્રારંભે શહેરમાં શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રા નિકળશે. શહેરમાં સતત ૪૯ માં વર્ષે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશજીની ભક્તિ આરાધના સાથે વેરઝેર વિસરાવી ભક્તિ અને ભાઈચારાની ભાવનાને બળવત્તર કરવાના આશયથી ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે તા ૧૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે સે-૪ ડી માં તુષારભાઈ દિનેશભાઈ શાહના નિવાસસ્થાનેથી પ્લોટ નં-૧૩૭૪ :૧ ખાતેથી શ્રીજીની શોભાયાત્રા નિકળશે. આ શોભાયાત્રા નાના ગ-૨ થઈને ઘ-૩ તરફ આગળ વધશે.

● અનુસંધાન પાન-૭ પર


## અંજલિ



**સ્વ. મનીષભાઈ દશરથભાઈ અમીન**

જન્મ તા. ૧૮/૧૦/૧૯૬૮ ● સ્વર્ગવાસ તા. ૪/૯/૨૦૧૮

છોડી મૈત્રી અમ કેરી, પ્રભુ કેરો પ્યારો થઈ ગયો...
નાયક થઈ સદા જીવ્યો, ખુદની યાદ અમર કરતો ગયો,...
આપ અમારા દિલના મિત્ર, સ્વજન, પાડોશી, બંધુ હતા...
નજર સમક્ષ કાયમ રહેલા હવે અમારા હૃદયમાં રહેશો...
તમે છો... હજુ છો તેમ જ હૃદય કહ્યા કરે છે.
મન માનતું જ નથી કે દુનિયા છોડી દીધી છે તમે...
તમે ગયા તેમ કોઈ જાતું નથી... મન તો માનતુ જ નથી...
શું આપીએ પુષ્પાંજલી પુષ્પો ઓછા પડે છે..
**પરમ કૃપાળુ પરમેશ્વર આપના દિવ્ય આત્માને મોક્ષ અર્પે એ જ અભ્યર્થના...**

આપનું
**ડેકોર ફાઉન્ડેશન (ગાંધીનગર)**
**તથા સમસ્ત ડેકોર ફાઉન્ડેશન સભ્યો**


## ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ. ગાંધીનગર

**વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ**

આથી બેન્કના સર્વે સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપણી બેન્કની ૪૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૦/૯/૨૦૧૮ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે બેન્કની હેડ ઓફિસ ખાતેના મકાનમાં, સભાખંડ, ત્રીજો માળ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે નીચે જણાવેલ કામકાજ સારૂ મળશે. જેમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. તા. ૨૪/૯/૨૦૧૭ની વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબતે.
૨. તા. ૩૧/૩/૨૦૧૮ના રોજ પુરા થતાં વર્ષનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી તૈયાર કરેલ અહેવાલ, બેન્કનું ઓડિટ થયેલ સરવૈયુ તથા નફા-તોટાનો હિસાબ અને નફાની વહેંચણી મંજુર કરવા બાબત.
૩. ઓડિટના રિપોર્ટની નોંધ લેવા બાબત.
૪. સહકારી કાયદાની કલમ ૬૭(ક) હેઠળ રાહત આપવા બાબતે.
૫. બિન વપરાશી જમા રહેલ અનામતને જરૂરી અનામતમાં તબદીલી માટે બહાલી / મંજુર આપવા બાબતે.
૬. પેટા-નિયમોમાં સુધારા કરવા બાબત. (પરિશિષ્ટ-અ મુજબ)
૭. ચેરમેનશ્રીની મંજૂરીથી રજૂ થાય તે કામ બાબતે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી**
**મનુભાઈ બી. પટેલ**
**તા. ૧૪/૯/૨૦૧૮ મેનેજીંગ ડિરેક્ટર**

**નોંધ :** ૧. હિસાબી વિષયક માહિતી અંગેની વિશેષ જાણકારી માટે તા. ૨૦/૯/૨૦૧૮ સુધીમાં લેખિત માંગણી કરી બેન્કમાંથી રૂબરૂ માહિતી મેળવા લેવા વિનંતી.
૨. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો અર્ધા કલાક બાદ મુલત્વી રહેલ સભા તે જ સ્થળે તે જ કામ માટે ફરીથી મળશે જેમાં કોરમની જરૂરીયાત રહેશે નહિ.
૩. સને ૨૦૧૭-૧૮ના વાર્ષિક અહેવાલની નકલ વેબસાઈટ www.gncb.co.in પર પ્રસિદ્ધ કરેલ છે.

# ઈવીએમ માટેનો સ્ટ્રોંગરૂમ ડિસે. ૧૯ પહેલાં તૈયાર કરવા કડક તાકીદ

**બી.એલ.ઓ.ની તાલિમ અંગે તેમજ બી.એલ.ઓ.ની કામગીરીના મોનીટરીંગ માટે પણ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ ટકોર કરી**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ઈવીએમ માટે અલાયદો સ્ટ્રોંગરૂમ સે. ૧૪માં બનાવવાની કામગીરી ડિસેમ્બર-૨૦૧૮ પહેલાં પૂર્ણ કરવા માટે આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણનને કડક તાકીદ જિલ્લા તંત્રને કરી છે.

૨૪૦૦ ચો.મી. જમીનમાં આકાર પામનાર આ ખાસ સ્ટ્રોંગરૂમના નિર્માણ માટે નડતરરૂપ વૃક્ષોને વન વિભાગની મંજૂરી મેળવી દૂર કરી દેવામાં આવ્યા છે અને તે અંગેનું કામ ઝડપથી શરૂ કરવામાં આવશે તેમજ ડિસેમ્બર સુધીમાં કામ પૂર્ણ કરી દેવામાં આવશે તેવી ખાતરી પણ મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીને તંત્ર દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરી દ્વારા રાજ્યમાં ચાલી રહેલ મતદારયાદી સુધારણા ઝુંબેશને લઈ ખાસ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

આ વિડીયો કોન્ફરન્સમાં બી.એલ.ઓ.ની તાલિમ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગાંધીનગર જેવા મહત્વના નગરમાં તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બી.એલ.ઓ. ઘરે ઘરે જાય તે કામગીરીનું વિશેષ મોનીટરીંગ કરવાની ટકોર પણ રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ કરી હતી.

મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન યોજાનાર ખાસ ઝુંબેશના અભિયાનો પણ સફળ થાય તે જોવા આ વીડિયો કોન્ફરન્સમાં સુચના અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

આ વિડીયો કોન્ફરન્સમાં મતદારયાદી અંગેની કામગીરી તેમજ બી.એલ.ઓ.ની તાલિમ અને સ્ટ્રોંગરૂમ તૈયાર કરવા પર જ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com